**[૨૦]**

**પ્ર. ૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૪)**

૧. આપણા ધર્મગુરુના બીજા નામ શું છે?

**જ. મુનિ, શ્રમણ, અણગાર, નિર્ગ્રંથ**

૨. બંધન અને ધ્યાન એટલે શું?

**જ. જેનાથી સંસારના હેતુરૂપ ૮ કર્મોનો બંધ થાય છે તે બંધન અને ધ્યાન એટલે એક જ વિષય પર મનની એકાગ્રતા.**

૩. ખામણા કયા આસને બેસીને કરાય?

**જ. ખામણા બંને ઢીંચણ ઢાળીને કરાય, જે પંચપરમેષ્ઠી પ્રત્યે સમર્પણનો ભાવ બતાવે છે.**

૪. ઉપાશ્રયનું બીજું નામ પ્રતિક્રમણમાં શું બતાવ્યું છે?

**જ. ઉપાશ્રયનું બીજું નામ સંથારામાં પૌષધશાળા પૂંજીને શબ્દથી પૌષધશાળા બતાવ્યું છે.**

**(૨) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય તે સુધારીને લખો. (૨×૩)**

| | **અશુદ્ધ** | **શુદ્ધ** |
|---|---|---|
| ૧. તુભેહિં | **અશુદ્ધ** | **તુબ્ભેહિં** |
| ૨. વત્તિયા | **–** | **શુદ્ધ** |
| ૩. નેઉયં | **અશુદ્ધ** | **નેઆઉયં** |
| ૪. મિતી મે | **અશુદ્ધ** | **મિત્તી મે** |

**(૩) પાઠ પૂર્તિ કરો.** મયલ **મરુય મણંત મક્ખય મવ્વાબાહ** મપુણરાવિત્તિ

**(૪) નીચેના શબ્દના અર્થ લખો.**

| | **જવાબ** | | **જવાબ** |
|---|---|---|---|
| ૧. પરિયાવિયા | **પરિતાપ પીડા ઉપજાવી હોય** | ૨. ભોયણા ઉ | **ભોજન સંબંધી અને** |
| ૩. ઉસભાઈ | **ઋષભદેવથી** | ૪. કુઈએ | **અયત્નાથી ખાંસી–ઉધરસ ખાવાથી** |

**(આ) આવશ્યક સૂત્ર પ્રમાણે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. વંદના કરવાથી શું લાભ થાય છે? (કોઇપણ ૪)

**જ. વંદના કરવાથી થતા લાભ – ૧) નીચ ગોત્ર કર્મ નાશ થાય છે. ૨) ઉચ્ચ ગોત્ર કર્મનો બંધ થાય છે. ૩) નમ્રતા જેવા આત્મગુણો પ્રગટ થાય છે. ૪) સૌભાગ્ય અને આજ્ઞાફળની પ્રાપ્તિ થાય છે. ૫) સાધકના અહંભાવનો નાશ થાય છે.**

૨. સામાયિકનો ઉચ્ચ આદર્શ શું છે?

**જ. સમ–સમભાવ. આય–લાભ. જે ક્રિયા દ્વારા સમભાવનો લાભ થાય, તે સામાયિક છે. બાહ્ય દૃષ્ટિનો ત્યાગ કરીને અંતરદૃષ્ટિને અપનાવીને મનને આત્મ નિરીક્ષણમાં જોડવું. વિષમભાવનો ત્યાગ કરીને સમભાવમાં સ્થિર થવું, આ આત્મસ્વરૂપમાં રમણ કરવું, તે સામાયિકનો ઉચ્ચ આદર્શ છે.**

૩. સંક્ષેપમાં સામાયિકની સાધનાથી શું થાય છે? સામાયિક કઈ ગતિનું નિવારણ કરે છે?

**જ. સંક્ષેપમાં સામાયિકની સાધનાથી આસ્રવ નિરોધરૂપ સંવર થાય છે, પૂર્વકૃત કર્મોની નિર્જરા થાય છે અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. સામાયિક નરક ગતિનું નિવારણ કરે છે.**

**(૨) ખાલી જગ્યા પૂરો. (૪)**

૧. સામાયિક તે ........ થી ........ સુધી પહોંચાડવાનો સેતુ છે.

**જ. સ્વરક્ષા, સર્વરક્ષા.**

૨. સર્વશ્રેષ્ઠ સાધના ........ છે, તેમાં સર્વ સાધનાના ........ છ આવશ્યકનો સમાવેશ થાય છે.

**જ. સામાયિક, અંગભૂત.**

૩. સમય ........ અને ........ છે.

**જ. અપરિવર્તનશીલ, શાશ્વત.**

૪. સાધક ........ અને ........ થી દર ક્ષણે પ્રભુનું નામસ્મરણ કરે.

**જ. શ્રદ્ધા, ભક્તિ.**

(૨૦)

**પ્ર. ૨ (અ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. કેવળ સમુદ્‌ઘાતના આઠમા સમયે કેવળી શું કરે છે?

**જ. કેવળ સમુદ્‌ઘાતના આઠમા સમયે કેવળી ઊર્ધ્વ–અધો લોકાંતથી આત્મપ્રદેશોને સંકોચી શરીર પ્રમાણ અવસ્થામાં આવી જાય છે. આયુષ્ય કર્મની સાથે જ ચાર અઘાતી કર્મોને ભોગવે છે. જે અનુભૂતિ થાય તે કેવળી જાણે ને દેખે.**

૨. અર્થ લખો – ઊર્ધ્વ ગૌરવ પરિણામ – **જે આયુષ્યથી જીવની ગમન શક્તિ ઊર્ધ્વ દિશા તરફ થાય તે ઊર્ધ્વ ગૌરવ પરિણામ. અહીં ગૌરવનો અર્થ છે ગમન.** શ્રુત સંપદા – **શ્રુત સમૃદ્ધિ, સમગ્ર શાસ્ત્રોના જ્ઞાતા હોય. જ્ઞાન પ્રચાર અને પ્રસાર કરવામાં સમર્થ હોય. શ્રોતાના પ્રશ્નોનું સમાધાન કરવાની શક્તિથી યુક્ત હોય.**

૩. ઉદાયી અને શતક આવતી ચોવીસીમાં શું થશે?

**જ. ઉદાયી : તે ઉદાયી રાજા આવતી ચોવીસીમાં સુપાર્શ્વ નામે ત્રીજા તીર્થંકર થશે. શતક : આવતી ચોવીસીમાં શતકીર્તિ નામના દશમા તીર્થંકર થશે.**

૪. ગણિ કોને કહે છે? તેનું કાર્ય શું છે?

**જ. સાધુઓના સમુદાયને ગણ કહે છે. ગણના અધિપતિને ગણિ કહે છે. ગણિ એટલે આચાર્ય. આચાર્યને સમગ્ર ગણનું સંચાલન કરવાનું હોય છે. તેથી તે સ્વયં જ્ઞાન, દર્શન, આચાર, વિચારથી સમૃદ્ધ હોય તો જ શિષ્ય પરિવારનો સર્વાંગી વિકાસ કરાવી શકે છે.**

૫. સૂક્ષ્મ જીવો કેટલા પ્રકારના છે? તેમને સૂક્ષ્મ શા માટે કહ્યા છે? તેમાંથી ચોથા અને સાતમા કયા છે?

**જ. સૂક્ષ્મ જીવો આઠ પ્રકારના છે. તેમને સૂક્ષ્મ કહ્યા છે કારણ કે આ આઠે પ્રકારના જીવો બાદર હોવા છતાં તેનું શરીર અતિ સૂક્ષ્મ હોવાથી. તેમાંથી ચોથા હરિત સૂક્ષ્મ તે બીજમાંથી કોટો ફૂટે અને સાતમા લયન સૂક્ષ્મ તે કીડીના દર આદિ.**

**(આ) સૂયગડાંગ સૂત્રના આધારે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. સકર્મવીર્ય અને અકર્મવીર્ય વચ્ચેના કોઈપણ બે તફાવત લખો.

**જ. સકર્મવીર્ય ૧) જે વીર્ય કે શક્તિ કર્મબંધનું કારણ બને છે. ૨) પ્રમાદ–આત્મભાવોનું વિસ્મરણ જ કર્મબંધનું મુખ્ય કારણ છે, તેથી પ્રમાદ જ સકર્મવીર્ય છે. ૩) બાલ જીવોને હોય છે. ૪) સંસારવર્ધક છે.**
**અકર્મવીર્ય ૧) જે વીર્ય કે શક્તિ કર્મબંધનું કારણ નથી અથવા સંવર કે નિર્જરાનું કારણ બને છે. ૨) અપ્રમાદ–આત્મજાગૃતિ જ સંવર કે નિર્જરાનું મુખ્ય કારણ છે, તેથી અપ્રમાદ જ અકર્મવીર્ય છે. ૩) પંડિત જીવોને હોય છે. ૪) સંસારનાશક અને આત્મસુખદાયક છે.**

૨. જે સુશીલ છે તે શેનો ત્યાગ કરે છે? જે સુશીલ રહે છે તે શેનો અંત કરે છે?

**જ. ૧) સહુ પ્રથમ કુશીલના સંગનો ત્યાગ કરે. ૨) આહારની આસક્તિ કે સ્વાદ લોલુપતાનો ત્યાગ કરે. ૩) સુખશીલ વૃત્તિનો ત્યાગ કરે. જે સુશીલ રહે છે તે જન્મ–મરણની પરંપરાનો અંત કરે છે.**

૩. સાધુ બીજા મહાવ્રતનું પાલન કરવા શું કરે? કઈ ભાષા બોલે અને કઈ ભાષા ન બોલે?

**જ. સાધુ બીજા મહાવ્રતનું પાલન કરવા ભાષા સમિતિપૂર્વક હિત, મિત અને પરિમિત ભાષાનો પ્રયોગ કરે. હંમેશાં**

**સત્ય અને વ્યવહાર ભાષા બોલે. ગમે તે પરિસ્થિતિમાં અસત્ય કે મિશ્ર ભાષા ન બોલે.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૪)**

૧. આઠમા અધ્યયનું નામ શું છે? તેમાં કેટલી ગાથા છે?

**જ. આઠમા અધ્યયનું નામ વીર્ય છે. તેમાં ૨૬ ગાથા છે.**

૨. મોક્ષનું સાધન શું નથી?

**જ. હિંસાજનક કોઈપણ ક્રિયાકાંડ કે સદ્ભાવ વિનાની સાધના મોક્ષનું સાધન નથી.**

૩. કુશીલ પરિભાષામાં શીલ શબ્દનો અર્થ શું લીધો છે?

**જ. કુશીલ પરિભાષામાં શીલ શબ્દનો અર્થ આચાર–વિચાર લીધો છે**

૪. ધર્મ અધ્યયનમાં સંક્ષેપમાં શું બતાવ્યું છે?

**જ. ધર્મ અધ્યયનમાં સંક્ષેપમાં દુ:ખમુક્તિનો માર્ગ બતાવ્યો છે.**

**(૨૦)**

**પ્ર. ૩ (અ) ઉપાસક દશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ઉપાસક દશાંગ સૂત્રમાં કોની ચર્ચા છે? કોનું જીવન ચરિત્ર છે? તેઓ કોના સમયમાં થયા હતા?

**જ. ઉપાસક દશાંગ સૂત્રમાં સંપૂર્ણ રીતે શ્રમણોપાસક અને શ્રાવક જીવનની ચર્ચા છે. ભગ. મહાવીર સ્વામીના સમકાલીન આનંદ, કામદેવ, ચુલણીપિતા આદિ મુખ્ય દશ શ્રાવકોનું જીવન ચરિત્ર છે. તેઓ ભગ. મહાવીર સ્વામીના સમયમાં થયા હતા.**

૨. શ્રમણોપાસક માટે બીજો શબ્દ શું વપરાય છે? તેની વ્યાખ્યા લખો.

**જ. શ્રમણોપાસક માટે બીજો શબ્દ શ્રાવક પણ વપરાય છે. આ શબ્દ શ્રુ ધાતુથી બનેલો છે. જે શ્રમણનો ઉપદેશ સાંભળીને વ્રત આદિ ગ્રહણ કરે છે તે શ્રાવક કહેવાય. જેનામાં શ્રદ્ધા, વિવેક અને આંશિક વિનય આ ત્રણ ગુણોનો સમન્વય હોય તે શ્રાવક.**

૩. ઉદ્યાનો ક્યાં હતા? તે શેના માટે વપરાતા હતા? ત્યાં શું હતું? તેમાં કોણ શું કરતા હતા?

**જ. ઉદ્યાનો નગર બહાર હતા. સાર્વજનિક ઉપયોગ માટે વપરાતા હતા. ત્યાં વિશાળ સભાભવનો હતા. જેમાં સાધુ સંતો રહી શકતા હતા. શ્રાવક વિશેષ ઉપાસના માટે પૌષધશાળાનો ઉપયોગ કરતા હતા. તે ઉપરાંત ધર્મ ઉપાસના માટે વાટિકાના રૂપમાં પોતાનું વ્યક્તિગત સ્થાન રાખતા હતા.**

૪. ચુલ્લશતક શ્રાવક અને નંદિનીપિતા શ્રાવકના જીવનમાં શું વિશિષ્ટ ઘટના બની હતી?

**જ. ચુલ્લશતક શ્રાવક દેવ દ્વારા ક્રમશ: ત્રણ પુત્ર વધ. અંતે સર્વ સંપત્તિને વેરવિખેર કરવાની ધમકીથી વ્રતભંગ. પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત સ્વીકાર. નંદિનીપિતા શ્રાવકના જીવનમાં કોઈ ઘટના બની ન હતી. સરળ અને સહજપણે વ્રત આરાધના.**

૫. ચુલણીપિતા અને સકડાલપુત્ર પાસે કેટલું ગોધન હતું? તેમની પત્નીના નામ શું હતા?

**જ. ચુલણીપિતા પાસે આઠ ગોકુળ હતા. તેમની પત્નીનું નામ શ્યામા હતું. સકડાલપુત્ર પાસે એક ગોકુળ હતું. તેમની પત્નીનું નામ અગ્નિમિત્રા હતું.**

**(આ) સુખ વિપાક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. વિપાક સૂત્રમાં કેટલા શ્રુતસ્કંધ છે? તેમાં કેટલા અધ્યયન છે?

**જ. વિપાક સૂત્રમાં બે શ્રુતસ્કંધ છે. તેમાં ૨૦ અધ્યયન છે.**

૨. સુબાહુ કુમારે કયા ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો?

**જ. સુબાહુ કુમારે બાર પ્રકારના ૫ અણુવ્રત, ૭ શિક્ષાવ્રતરૂપ ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો.**

૩. સુમુખ ગાથાપતિએ શું શુભ સંકલ્પ કર્યો?

**જ. આજે હું પર્યાપ્ત આહારદાન આપીશ એવો શુભ સંકલ્પ કર્યો.**

૪. જિનદાસ કુમાર પૂર્વભવમાં કોણ હતા? તેમના વિવાહ કોની સાથે થયા હતા?

**જ. જિનદાસ કુમાર પૂર્વભવમાં મેઘરથ રાજા હતા. તેમના વિવાહ નથી બતાવ્યું.**

૫. યુગબાહુ તીર્થંકરને કોણે આહારદાન આપ્યું? તેમના નગરનું નામ લખો.

**જ. યુગબાહુ તીર્થંકરને ભદ્રનંદી કુમારે આહારદાન આપ્યું. તેમના નગરનું નામ ઋષભપુર હતું.**

૬. સુવાસવ કુમારના માતા–પિતાનું નામ શું હતું?

**જ. સુવાસવ કુમારના માતા–કૃષ્ણાદેવી, પિતા–વાસવદત્ત રાજા હતા.**

૭. પુણ્ય અને પાપ બંને બંધનરૂપે હોવા છતાં બંનેમાં શું અંતર છે?

**જ. પુણ્ય અને પાપમાં બંધનરૂપે હોવા છતાં બંનેના ફળમાં અંધકાર અને પ્રકાશ જેટલું અંતર છે.**

૮. જૈનદર્શનનો મુખ્ય સિદ્ધાંત શું છે?

**જ. જૈનદર્શનનો મુખ્ય સિદ્ધાંત કર્મ સિદ્ધાંત છે.**

૯. સુજાત કુમાર મનુષ્યના કેટલા ભવ કરશે? ત્યાં કોને આહારદાન આપ્યું?

**જ. સુજાત કુમાર મનુષ્યના આઠ ભવ કરશે. ત્યાં પુષ્પદત્ત અણગારને આહારદાન આપ્યું.**

૧૦. વરદત્ત કુમાર કેવા હતા? તે વર્ણન કરો.

**જ. વરદત્ત કુમાર રૂપસંપન્ન, ગુણસંપન્ન અને પુણ્યવાન હતા.**

(૨૦)

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૬)**

૧. ઉગ્ગં **તવં ચરિત્તાણં, જાયા દોણ્ણિ વિ કેવલી ।**
**સવ્વં કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં પત્તા** અણુત્તરં ॥

૨. વજ્જરિસહ**સંઘયણો, સમચઉરંસો ઝસોયરો ।**
**તસ્સ રાઈમઈ કન્નં, ભજ્જં જાયઈ** કેસવો ॥

૩. જીવિયંતં **તુ સંપત્તે, મંસટ્ઠા ભક્ખિયવ્વએ ।**
**પાસિત્તા તે મહાપન્ને, સારહિં ઈણ**મબ્બવી ॥

૪. જઈ સિ **રૂવેણ વેસમણો, લલિએણ નલકૂબરો ।**
**તહા વિ તે ન ઈચ્છામિ, જઈ સિ સક્ખં** પુરન્દરો ॥

**(૨) નીચેની ગાથાઆનો માત્ર ભાવાર્થ લખો.** **(૮)**

૧. ગિરિં રેવતયં જંતી, વાસેણુલ્લા ઉ અંતરા । વાસન્તે અંધાયરંમિ, અંતો લયણસ્સ સા ઠિયા ॥

**જ. અર્થ : સાધ્વી રાજેમતી નેમપ્રભુના દર્શનાર્થે એકવાર રૈવતક પર્વત પર જતી વખતે વર્ષાથી ભીંજાયા. અંધારું થઈ ગયું હતું. વર્ષાથી બચવા માટે એક અંધારી ગુફામાં તેઓ રોકાઈ ગયા.**

૨. કસ્સ અટ્ઠા ઈમે પાણા, એ એ સવ્વે સુહેસિણો । વાડેહિં પંજરેહિં ચ, સન્નિરુદ્ધા ય અચ્છહિ? ॥

**જ. અર્થ : અરિષ્ટનેમિએ પૂછ્યું કે, આ બધા સુખાર્થી પ્રાણી કયા પ્રયોજનને માટે વાડામાં અને પાંજરામાં પૂરવામાં આવ્યા છે?**

૩. ઉજ્જાણં સંપત્તો ઓઈણ્ણો, ઉત્તમાઓ સીયાઓ સાહસ્સીએ પરિવુડો, અહ નિકખમઈ ઉ ચિત્તાહિં ॥

**જ. અર્થ : ત્યાં સહસ્રાગ્રવન ઉદ્યાનમાં પહોંચીને ઉત્તમ શિબિકાથી ઉતરીને એક હજાર પુરુષોની સાથે ચિત્રા નક્ષત્રના યોગમાં નેમિકુમારે દીક્ષા અંગીકાર કરી.**

૪. અહાહ જણાઓ તીસે, વાસુદેવં મહિડ્ઢિયં । ઈહાગચ્છઉ કુમારો, જા સે કન્નં દદામિ હં ॥

**જ. અર્થ : યાચના કર્યા પછી આ રાજેમતીના પિતાએ મહર્દ્ધિક શ્રી કૃષ્ણ વાસુદેવને કહ્યું, જો નેમિકુમાર અહીં પધારે તો હું આ કન્યા તેને આપું.**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૬)**

| | જવાબ |
|---|---|
| ૧. રાજેમતીના પિતાએ કૃષ્ણ વાસુદેવને શું કહ્યું? | **નેમિકુમાર અહીં પધારે તો હું કન્યા તેને આપું.** |
| ૨. રાજેમતીએ કોના દર્શન માટે ક્યાં જતા હતા? | **ભગવાન નેમિનાથ, રૈવતક પર્વત.** |

૩. વાસુદેવ કેવા હતા? **મહાઋદ્ધિશાળી અને રાજાના લક્ષણથી યુક્ત.**
૪. કૃષ્ણ વાસુદેવે ભગવાનને શેમાં વર્ધમાન થવાનું કહ્યું? **જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ક્ષમા, નિર્લોભતા.**
૫. ભગવાન અરિષ્ટનેમિ કેવા હતા? **મહાયશસ્વી, જિતેન્દ્રિય, ત્રિલોકીનાથ.**
૬. રાજેમતી અને રહનેમિના પિતા કોણ હતા? **રાજેમતીના ઉગ્રસેન રાજા, રહનેમિના સમુદ્રવિજય.**

**(૨૦)**

**પ્ર. ૫ ભગવતી સૂત્રના આધારે.... (૧૦)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૨×૩)**

૧. છટ્ઠી અને નવમી નિધિ અર્થ સાથે લખો.

**જ. ૬) કાલનિધિ : અષ્ટાંગ નિમિત્તના ઈતિહાસ તથા કુંભકારની શિલ્પ શાસ્ત્રની જાણકારી. ૯) શંખનિધિ : મોક્ષના સાધન બતાવનાર શાસ્ત્ર તથા ગદ્ય, પદ્ય, શાસ્ત્રો, વાજિંત્રોની પ્રાપ્તિ.**

૨. દેવાધિદેવ વૈક્રિયરૂપ કરે કે ન કરે? કરે તો કેટલા કરે?

**જ. દેવાધિદેવ અનંત શક્તિના ધારક છે. તેઓ વૈક્રિય રુપ ન કરે. તેઓ કોઇપણ લબ્ધિનો પ્રયોગ કરતા નથી. એટલે કે વીતરાગી હોવાથી છાદ્મસ્થિક સમુદ્‌ઘાત કરતા નથી. સિવાય કે ચક્રવર્તી થવાના હોય તો રૂપ કરે.**

૩. ભાવદેવનું આંતરું અને ભવિય દ્રવ્ય દેવની અવગાહના લખો.

**જ. ભાવ દેવનું આંતરું : જઘ.અંત, ઉ. અનંતકાળ. ભવિય દ્રવ્ય દેવની અવગાહના જ. આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉ. ૧૦૦૦ યોજન.**

**૪. માત્ર સંખ્યા લખો. (૪)**

| | | | |
|---|---|---|---|
| ૧) નરદેવની જઘન્ય સંચિટ્ઠણા | **૭૦૦ વર્ષ** | ૨) ધર્મદેવની ગત | **૭૦** |
| ૩) દેવાધિદેવના ૧૨ ગુણમાં અતિશય | **૪** | ૪) નરદેવની આગત | **૮૨** |
| ૫) પંડિતો | **૮૦૦** | ૬) ઉત્કૃષ્ટ ચક્રવર્તી | **૧૫૦** |
| ૭) ધર્મદેવનું જઘન્ય અંતર | **૨ પલ્ય ઝાઝેરું** | ૮) ભવિય દ્રવ્ય દેવની ઉત્કૃષ્ટ સ્થિતિ | **૩ પલ્ય** |

**(આ) નીચેના જીવોની માર્ગણા લખો. (કોઠો બનાવીને લખો.) (૧૦)**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. નોગર્ભજ કૃષ્ણલેશી અપર્યાપ્તામાં | ૩ | ૧૯ | ૧૦૧ | ૫૧ | ૧૭૪ |
| ૨. કૃષ્ણલેશી વચનયોગીમાં | ૩ | ૧૩ | ૧૦૧ | ૫૧ | ૧૬૮ |
| ૩. લવણ સમુદ્ર ઘ્રાણેન્દ્રિયમાં | ૦ | ૨૪ | ૧૬૮ | ૦ | ૧૯૨ |
| ૪. તિર્ચ્છાલોક પંચેન્દ્રિય શાશ્વતમાં | ૦ | ૧૫ | ૧૦૧ | ૩૬ | ૧૫૨ |
| ૫. તિર્ચ્છાલોક પર્યાપ્તામાં | ૦ | ૨૪ | ૧૦૧ | ૩૬ | ૧૬૧ |
| ૬. નોગર્ભજ ઘ્રાણેન્દ્રિય સમ્યગ્દૃષ્ટિમાં | ૧૩ | ૭ | ૦ | ૧૬૨ | ૧૮૨ |
| ૭. કૃષ્ણલેશી સમ્યગ્દૃષ્ટિમાં | ૫ | ૧૮ | ૯૦ | ૭૨ | ૧૮૫ |
| ૮. ઔદારિક શુક્લલેશી | ૦ | ૧૦ | 30 | ૦ | ૪૦ |
| ૯. લવણ સમુદ્ર ત્રસ એકાંત મિથ્યાત્વીમાં | ૦ | ૮ | ૧૬૮ | ૦ | ૧૭૬ |
| ૧૦. ઉર્ધ્વલોક પ્રત્યેક શરીરી બાદર મિથ્યાત્વીમાં | ૦ | ૩૪ | ૦ | ૬૬ | ૧૦૦ |

**જય જિનેન્દ્ર**